નં/આઈ.ટી/નો ડ્યુ સર્ટી/ફેરફાર/ઓન/ 4509

વાહન વ્યવહાર કમિશ્નરશ્રી ની કચેરી,
બ્લોક નં.૬, બીજો અને ત્રીજો માળ
ડો. જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

તા. 13 JUL 2018

પ્રતિ,

તમામ પ્રા. વા. વ્ય. અધિકારીશ્રીઓ

વિષય :નો ડ્યુ સર્ટીની પ્રક્રિયામાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત રાજ્યમાં વાહન-4 સોફ્ટવેરના અમલીકરણ થયા બાદ, જાહેર જનતાને સૂચારૂ રૂપે પોતાનુ વાહન ગુજરાત રાજ્યની એક આર.ટી.ઓ કચેરીમાંથી બીજી આર.ટી.ઓ કચેરીમાં વાહન માલિકની તબદીલી કે સરનામાં ની બદલી ની પ્રક્રિયામાં સરળીકરણ કરવા વિચારણા કરવામાં આવેલ હતી.

એક રીજીયનનું વાહન બીજા રીજીયનમાં તબદીલ થાય કે તેનું સરનામું બદલે ત્યારે નવા રીજીયનની કચેરીમાં વાહનને રેકોર્ડ પર લેવા માટે નીચે પ્રમાણે ત્રણ બાબતો ચકાસવી જરૂરી બને છે.

(૧) મૂળ ઓથોરિટીમાં આ વાહનો ડેટા રેકર્ડ ઉપર છે કે કેમ?- આ ચકાસણીની જરૂર એટલા માટે પડે છે કે ગુનાહિત અથવા તો ચોરાઉ અથવા છેતરપીંડી ના કિસ્સામાં ખોટી આર.સી અથવા ખોટી એન.ડી.સીના પ્રશ્ન નિવારી શકાય.

(૨) મૂળ રીજીયનમાં મો.વા. વેરો બાકી છે કે કેમ  તેની ચકાસણી કરી શકાય. આ કાર્યવાહી એટલા માટે કરવી પડે છે કે મો.વાહન વેરો બાકી હોય તો ગુજરાત મો.વા વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળની જોગવાઈ હેઠળ વાહનનો ઉપયોગ કરી શકાય નહિ તેથી મો.વા વેરો ભરપાઈ થયેલ છે કે કેમ તે ચકાસવુ જરૂરી થઈ પડે છે.

(3) વાહન સામે કોઈ ગુન્હાઓ (ડી.એ કેસ) નોંધાયેલ છે કે કેમ આ ત્રણ ચકાસણી માટે નો ડ્યુ સર્ટીફિકેટ (NDC) ને વહીવટી પ્રકિયા થી લાગૂ પાડવામાં આવ્યુ હતુ. પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટે ૧૧૪૪૦/૨૦૦૭ માં તા. ૧૫/૦૯/૧૬ થી આપેલ ચૂકાદા થી NDC અંગેની સૂચના આપતો તા ૨૩/૦૫/૧૯૯૫ નો પરિપત્ર રદ કરવામાં આવેલ છે. તેથી નામદાર હાઈકોર્ટના આ હુકમની અમલવારી કરવા અગાઉ પરિપત્ર કરવામાં આવ્યો હતો.

હાલ, રજીસ્ટ્રેશન અંગે ની કાર્યવાહી વાહન-૪ સોફ્ટવેરમાં થાય છે. આ સોફ્ટવેર web base છે. એટલે કે તેની access કોઈપણ આર.ટી.ઓ કચેરીમાં અધિકૃત user id/ password ધરાવતાઅધિકારી/કર્મચારી લઈ શકે છે. તેથી વાહનનુ અસ્તિત્વ મૂળ કચેરી માં છે કે નહિ તે સુનિશ્ચિત થઈ શકે પરંતુ મર્યાદા એટલી છે કે વાહન-4 સોફ્ટવેર અમલી બન્યુ તે પહેલાના ડેટાની જો વાહન-4 સોફ્ટવેરમાં બેક્લોગ એંટ્રી લીધેલ ન હોય તેવા જૂના વાહનોની વિગતો વાહન-4 માં ન પણ મળી શકે. વાહન-૪ માં મો.વા વેરાની જે એંટ્રી થયેલ હોય તેટલા પૂરતુ ચકાસણી થઈ શકે પરંતુ વાહન-૪ પહેલા ના ટેક્ષડેટા કે જેના ટેક્ષ અંગેનો ડેટા લેવાયેલ નથી તેની ચકાસણી વાહન સોફ્ટવેરમાં હાલ થઈ શકતી નથી. જો કે વાહન-4 માં મોટા ભાગનો ડેટા આવી ગયેલ હોઈ આવી શક્યતા બહુ ઓછી રહે છે.

ગુન્હાઓની નોંધનો ડેટા વાહન-4 માં લેવાની શરૂ કરવામાં આવેલ છે પરંતુ તે ડેટા ઘણો બાકી છે.

આથી વાહન-4 ના ઉપયોગથી મૂળ ઓથોરીટિમાં વાહનનો ડેટા છે કે કેમ? તે સુનિશ્ચિત થઈ શકશે પરંતુ ટેક્ષ કે ગુન્હાઓની નોંધ માટે હાલના તબક્કે મેન્યુઅલ ચકાસણી કરવાની થાય.

આ સંજોગોમાં વાહન-૪ ના ઉપયોગથી આંતર રીજીયન તબદીલી/ એડ્રેસ ચેન્જના કાર્યમાં સરળીકરણ લાવવાની પધ્ધતિની વિચારણા કરવામાં આવી અને તેમાં નામદાર હાઈકોર્ટના આદેશનું પણ અનુસરણ થાય તેવી પધ્ધતિ તૈયાર કરવામાં આવી. જે નીચે પ્રમાણે છે.

(૧) આંતર રીજીયન માલિકી તબદીલી કે એડ્રેસ ચેન્જના કિસ્સામાં વાહન-4 માં ટેક્ષ અને ડી.એ. ની વિગત અંગેની ચકાસણી કરવી પરંતુ જો વાહન-4 માં ચકાસણી ન થાય તો કચેરી થી કચેરી વાહન નોંધણી અંગેની વિગત મંગાવવી.

(૨) અરજદાર બીજા રીજીયનના સરનામા બદલ કે માલિકી તબદિલી માટે અરજી કરે ત્યારે બીજા રીજીયનની કચેરીએ તે અરજી તારીખથી સાત દિવસમાં મૂળ ઓથોરીટિમાંથી વાહન નોંધણી અંગેનીતેમજ ટેક્ષ અને ડી.એ. ની વિગત મેળવી લેવી.

(3) સ્પષ્ટતા માટે જણાવવાનું કે કાયદા તથા વાહન-૪ ની પ્રક્રિયા પ્રમાણે આ પ્રક્રિયામાં કોઈ ફી લેવાની રહેતી નથી.

AKHIL GUJARAT TRUCK TRANS. ASSO.
REC. DT. 15-07-2018

વાહન વ્યવહાર કમિશ્નર
વાહન વ્યવહર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર